# એડીનેટ ઈ–ન્યુઝ ડાયજેસ્ટ

## નંબર-૬૩ ડીસેમ્બર-૨૦૧૯

| CONTENTS | Page No. |
|---|---|
| HAPPY NEW YEAR! | 2 |
| થોભો અને વિચારો | ૨ |
| દલાઈલામાએ એકવાર કહ્યું કે પ્રેમ શું છે ? પ્રેમ એ ચુકાદાની ગેરહાજરી છે | ૨ |
| ૨૫ બી.એમ.સી. શાળાઓમાં ટૂંક સમયમાં ઈ-લાયબ્રેરીઓ શરૂ કરવામાં આવશે | ૨ |
| કાર્યક્રમ સંશોધન કરવાની સાત ટીપ્સ | ૩ |
| લેકિસકો | ૪ |
| બિઝનેસ સ્કૂલમાં અભ્યાસ માટેનું નવું ટૂલ-સિમ્યુલેશન | ૪ |
| કાર્યસ્થળ પર ટેકનોલોજિકલ ફેરફારોના કારણે સ્કિલિંગ, રિસ્કિલિંગ મેળવવાની ચાવી | ૪ |
| ડોકટર માટેનું ટૂલ | ૫ |
| શીખવા માટે યુ-ટ્યૂબનો ઉપયોગ | ૫ |
| વિશ્વની પ્રસિધ્ધ પાંચ ડીજીટલ લાયબ્રેરીઓ | ૫ |
| બિઝનેસ સ્કૂલની સામાજિક પ્રવુત્તિઓ | ૫ |
| ઇન્ડિયા સ્કિલ્સ ૨૦૨૦ની સ્પર્ધાની નોંધણી શરૂ થઈ ગઈ છે | ૬ |
| ટીઆઈએસએસએ સ્કૂલ શિક્ષણ માટે ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું | ૬ |

**Welcome 2020 :-**

**ADINET wishes all LIS Professionals a very happy & healthy New Year. May the year 2020 enable us to interact & help each other.**

**Working Together, We Can Reach Greater Heights.**

## થોભો અને વિચારો :-

**જયારે આપણે ઓછા ભાગ્યશાળી લોકોની મદદ કરીએ ત્યારે, અવાજ સંગીત બની જાય છે, મુવમેન્ટ નૃત્ય બની જાય છે, સ્મિત હાસ્ય બની જાય છે, મન ધ્યાનમય બને અને જીવન એક ઉજવણી બની જાય છે.**

From the book: Inspiring story of two lizards

## દલાઈલામાએ એકવાર પ્રશ્ન પૂછ્યો કે પ્રેમ શું છે ? પ્રેમ એ ચુકાદાની ગેરહાજરી છે :-

**આ કહેવું સરળ છે, પરંતુ રોજિંદા જીવનમાં આ કેવી રીતે શક્ય છે ?** આધ્યાત્મિક શિક્ષક રામદાસની વાર્તા આપણને રોજિંદા જીવનમાં ઓછા નિર્ણાયક અને વધુ પ્રેમાળ બનવાની પ્રેરણા આપે છે.

આપણે એકબીજાને યાદ રાખવા અને એકબીજાની પ્રશંસા કરવી, એકબીજા પ્રત્યે દયાળુ બનવુ અને એકબીજા વિશેના આપણા ચુકાદાઓ, અભિપ્રાયો અને પૂર્વ કલ્પનાઓ જોવા માટે આમંત્રણ આપે છે.

## ૨૫ બી.એમ.સી. શાળાઓમાં ટૂંક સમયમાં ઈ-લાયબ્રેરીઓ શરૂ કરવામાં આવશે :-

નાગરિક સંસ્થા દ્વારા દરેક ડીજીટલ લાયબ્રેરી માટે 1.૫૮ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવશે, જ્યાં હજારો ઈ-બુક મફત ઉપલબ્ધ કરાશે.

૨૫ નાગરિક શાળાઓના વિધાર્થીઓ માટે ઈ-લાયબ્રેરીઓ શરૂ કરવા બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બી.એમ.સી)ના શિક્ષણ વિભાગનો લાંબા સમયથી રાહ જોવાતો પ્રોજેક્ટ ટૂંક સમયમાં કાર્યરત થશે.

ઈ-લાયબ્રેરીઓને સ્કૂલ લાયબ્રેરીના મુખ્ય કોમ્પ્યુટરમાં સમાવિષ્ટ કરવામાં આવશે. આ લાયબ્રેરીઓમાં ૫ થી ૧૦ ધોરણના વિધાર્થીઓ માટેના પુસ્તકો વિવિધ પ્રકારોમાં જેવા કે એનિમેટેડ, પાઠ્યપુસ્તકો, વિષય સંબંધિત શબ્દભંડોળ, વ્યાકરણ, જાણીતી વ્યકિતઓની આત્મકથાઓ, ઓડિયો-વીડીયો પુસ્તકો વગેરે સામેલ હશે. આ પુસ્તકો પીડીએફ ફોર્મેટમાં અંગ્રેજી અને મરાઠી ભાષામાં ઉપલબ્ધ હશે.

દરેક સ્કૂલમાં ચાર કોમ્પ્યુટર્સ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઈ-લાયબ્રેરીને કેવી રીતે વાપરવી તે અંગે લાયબ્રેરીયન/શિક્ષકને તાલીમ આપવામાં આવશે; શિક્ષકો અને વિધાર્થીઓ માટે વધારાના ટેબલ, ખુરશીઓ અને ઈન્ટરનેટની સુવિધા પણ આપવામાં આવશે. હમણાં સુધી, વિભાગ દ્વારા પ્રોજેક્ટ માટે ૨૫ શાળાઓ નક્કી કરવામાં આવી છે

અને આવતા મહિનામાં આ શાળાઓમાં તે અંગેની કામગીરી શરૂ થઇ જશે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ઈ-લાયબ્રેરી માટેનો ડેશ બોર્ડ તૈયાર હોવાથી આગામી શૈક્ષિણક વર્ષ સુધી આ પ્રોજેક્ટ બંધ રાખવામાં આવશે નહિ. જેવું કાર્ય પૂર્ણ થશે કે તરત તેનો ઉપયોગ શરૂ કરી દેવાશે.

બી.એમ.સી.નાં શિક્ષણ અધિકારી મહેશ પાલકરે જણાવ્યુ છે કે ૩૦૦૦ પુસ્તકો પીડીએફ ફોર્મેટમાં ઉપલબ્ધ છે જે દરેક ખાતાના શિક્ષકો વ્યકિતગત ખાતા દ્વારા મેળવી શકે છે. તમામ શિક્ષકોને ડેટાબેઝનો આઈડી અને પાસવર્ડ આપવામાં આવશે, શિક્ષકોને ડેટાબેઝનો ઉપયોગ કરવાની તાલીમ પણ આપવામાં આવશે.

**Source | https://www.dnaindia.com/**

## કાર્યક્રમ સંશોધન કરવાની સાત ટીપ્સ :-

તમારી કાર્યક્ષમતા વધારવા અને તમારા કાર્યની ગુણવત્તામાં સુધારો કરવા માટે નીચે આપેલ ટીપ્સને અનુસરો

**(1) ઓવરવ્યૂ સાથે પ્રારંભ કરવાનો પ્રયાસ કરો:-**

તમારા સંશોધન વિષયને સમજવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે તમે તમારા વિષયનો સામાન્ય સંશોધન વાંચીને તમારા સંશોધનની શરૂઆત કરો. આ તમને તમારા સંશોધન પ્રશ્નના મૂલ્યવાન સ્રોતો તરફ દોરી જવા અને તમારા વિષયને સમજવા માટે સંદર્ભ આપવા માટે મદદ કરશે. વધુ અધતન અથવા વિશિષ્ટ સંશોધન કરતા વિધાર્થીઓએ યોગ્ય જર્નલોમાં સમીક્ષા લેખો જોવા જોઈએ.

**(૨) પ્રશ્નો તૈયાર કરવા :-**

તમારે વિશિષ્ટ અને કેન્દ્રિત પ્રશ્નો તૈયાર કરવા જોઈએ.

**(૩) આયોજન બધ્ધ કાર્ય :-**

તમે તમારા સંશોધન શરૂ કરો તે પહેલાં લક્ષ્યને ધ્યાનમાં રાખો અને આ લક્ષ્ય સુધી પહોંચવાની યોજના બનાવી. નાના પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યો સેટ કરવાથી તમારુ કાર્ય પૂર્ણ કરવાનું સરળ બનશે.

**(૪) નોંધ લેવી :-**

જેમ જેમ તમે સંશોધન કરો તેમ તમને સ્રોતમાંથી મળેલ ઉપયોગી માહિતીની નોંધ કરવી અને આ માહિતી કયા સ્રોતમાં મળેલ છે તે પણ સાથે નોંધ કરવી.

**(૫) માસ્ટર ગૂગલ શોધો :-**

ગૂગલ એ એક સર્ચ એન્જિન છે. જેમાં ઘણી શક્તિશાળી સુવિધાઓ છે જે તમને ઝડપથી જોઈએ છે તે માહિતી શોધવાની આપે છે. ગૂગલ ટીપ્સ પેજ દ્વારા તમે ઈન્ટરનેટ શોધમાંથી કઈ રીતે વધુ સારી રીતે પરિણામ મેળવી શકાય તે શીખી શકાય છે.

**(૬) મદદ માટે લાયબ્રેરીયનને પૂછો :-**

તમને જે માહિતી જોઈએ છે તે ઝડપથી શોધવામાં અને તમને સંશોધન યુક્તિઓ શીખવવામાં રેફરન્સ લાયબ્રેરીયન મદદ કરી

શકે છે. જે તમને ભવિષ્યના પ્રોજેકટ ઉપરાંત તમારા વર્તમાન પ્રોજેકટ પર મદદ કરશે.

**Source|** [https://www.techbullion.com/](https://www.techbullion.com/)

## લેકિસકો :-

યુઝર્સને રોજબરોજ અંગ્રેજી ભાષામાં આવતી અડચણોમાં મદદ કરવા માટે ડિક્શનરી.કોમ અને ઓક્સફોર્ડ યુનિવર્સીટી પ્રેસે ભેગા મળીને આ વેબસાઈટ તૈયાર કરી છે.

ઓક્સફોર્ડ ઈંગ્લીશ ડિકશનરીમાંથી પ્રાપ્ત થયેલ શબ્દના અર્થ ઉપરાંત, આ વેબસાઈટ શબ્દની ઉત્પતિનાં લેખ અને તમારી લખવાની કુશળતાને સુધારવા માટેની ટીપ્સ આપે છે. તમારું શબ્દભંડોળ વધારવા માટે મદદ કરે છે. આ ઉપરાંત વ્યાકરણ, જોડણી માટેનો સંપૂર્ણ વિભાગ છે.

લેકિસકો વિવિધ વિભાગ દ્વારા બ્રાઉઝ કરી શકાય છે, અથવા શબ્દ શોધ દ્વારા તેના ડેટાબેઝની ક્વેરી કરી શકો છો. તે અંગ્રેજી માટે એક સંપૂર્ણ રેફરન્સ ગાઈડ છે.

**Source |** [www.lexico.com/en](http://www.lexico.com/en)

## બિઝનેસ સ્કૂલમાં અભ્યાસ માટેનું નવું ટૂલ-સિમ્યુલેશન :-

વ્યવસાયિક શિક્ષણમાં પરિવર્તન આવ્યું છે. પહેલાં પ્રોફેસરો દ્વારા લેકચર આપવામાં આવતા હતા. ત્યારબાદ કેસ સ્ટડી પધ્ધતિ આવી કે જેમાં વિધાર્થીઓને જુદા જુદા કેસો જણાવી તેમની સાથે ચર્ચા કરવામાં આવે છે. આજે સિમ્યુલેશન આધારિત અભ્યાસ પદ્ધતિ આવી છે.

આ વિડીઓ ગેમ્સ નથી પરંતુ એમબીએ કલાસરૂમ માટેની વાસ્તવિક એપ્લિકેશન્સ છે. તેમની વધતી લોકપ્રિયતાનું બીજું કારણ ક્લાસની રચનામાં ફેરફાર છે. આઈ.આઈ.એમ. લખનઉનાં ભૂતપૂર્વ ડાયરેકટર દેવીસિંહે જણાવ્યું હતું કે “બિઝનેસ સ્કૂલોમાં અગાઉના કામનો અનુભવ ધરાવતા વિધાર્થીઓમાં વધારો થયો છે. કલાસરૂમ વધુ આકર્ષક બન્યા છે. એજન્સીઓ પણ સિમ્યુલેશનને પ્રોત્સાહન આપી રહી છે. સિમ્યુલેશનનો ઉપયોગ કોર્ષ અથવા વિવિધ અભ્યાસક્રમોને એકીકૃત કરવા માટે રહ્યો છે.

**Source |** Times of India | 9th October 2019

## કાર્યસ્થળ પર ટેકનોલોજિકલ ફેરફારોના કારણે સ્કિલિંગ, રિસ્કિલિંગ મેળવવાની ચાવી :-

માનવ સંસાધન નિષ્ણાંતો અનુસાર, સ્કિલિંગ અને રિસ્કિલિંગ કર્મચારીઓને ઉધોગો અને કાર્યસ્થળો પર થતા ટેક્નોલોજિકલ ફેરફારોને શોધવા માટે મદદ કરશે.

ટેક્નોલોજિકલ વિકાસ કે જેમાં બ્લોકચેન, આર્ટફિસયલ ઈન્ટેલીજન્સ, ડેટા સાયન્સ અને મશીન લર્નિંગ વગેરેના કારણે ઉધોગોમાં મોટા ફેરફાર થયા છે. ઇન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસના પ્રોફેસર શ્રીપાદ ચન્દ્રશેખરએ જણાવ્યું છે કે સ્કિલિંગ રિસ્કિલિંગની મદદથી

કર્મચારીઓને ભવિષ્ય માટે તૈયાર કરી શકાશે.

**Source | Business Line | 9th October 2019**

## ડોકટર માટેનું ટૂલ :-

બ્રિટિશ મેડિકલ જર્નલ દ્વારા ક્લિનિકલ સપોર્ટ ટૂલ 'બેસ્ટ પ્રેક્ટિસ' રજૂ કરવામાં આવ્યું. બ્રિટિશ મેડીકલ જર્નલની એક ટીમ તેમના 'બેસ્ટ પ્રેક્ટિસ' હોસ્પિટલોના હેલ્થ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમમાં મદદ કરવા માટે પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. ભારતની બી.એમ.જે ના મેનેજિંગ ડાયરેકટર પ્રશાંત મિશ્રાએ જણાવ્યું કે આ ટૂલ કોમ્પ્યુટર સોફ્ટવેર ઉપરાંત મોબાઈલ એપ્લિકેશનના સ્વરૂપે ઉપલબ્ધ કરવામાં આવશે. મેડિકલ ક્ષેત્રમાં આવતા ફેરફારોને કારણે ડોક્ટરને જયારે મદદની જરૂર હોય ત્યારે આ ટૂલ મદદરૂપ થશે.

**Source | The Hindu | 11th October 2019**

## શીખવા માટે યુ-ટ્યૂબનો ઉપયોગ :-

ભારતમાં વિધાર્થીઓ દ્વારા જુદા જુદા શૈક્ષણિક ખ્યાલો શીખવા માટે યુ-ટ્યુબ ટ્યુટોરિયલ વિડિયોનો ઉપયોગ વધતો જાય છે.

શિક્ષણ અથવા શીખવાની કળા બદલાતી હોવી જોઈએ. ભારતમાં શિક્ષણ આપવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે શિક્ષકોએ તેમની ચકાસાયેલ રીતો પર વધુ વિશ્વાસ રાખ્યો છે. પરંતુ વિધાર્થીઓને જુદા જુદા વિષયોની અન્વેષણ કરવાની રીતને બદલતા અટકાવવામાં આવતા નથી. લોકો અત્યારે કલાસરૂમ કરતા યુ-ટ્યૂબ ટ્યુટોરિયલ વિડિયોને પ્રાધાન્ય આપે છે. ભારતમાં હાલમાં ઝડપી ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને નેટવર્ક પ્રોવાઈડર હોવાથી, વિધાર્થીઓનો આ વિડિયો પસંદ કરવાનું વલણ વધી રહ્યું છે.

**Source | Asian Age | 22nd August 2019**

## વિશ્વની પ્રસિધ્ધ પાંચ ડીજીટલ લાયબ્રેરીઓ :-

1) Universal Digital Library:- મિલિયન પુસ્તકો, મેપસ, મેન્યુસ્ક્રિપ્ટનો સંગ્રહ કે જુદા જુદા ફોર્મેટમાં ઉપલબ્ધ છે.

૨) Project Gutenberg:- વાંચવા માટે 30,000થી વધુ ઈ-બુક્સની સાથે ઓડિયો બુક્સ, સીડી અને ડીવીડી.

૩) Bartleby :- રેફરન્સ, ફિકશન અને નોન ફિકશન પુસ્તકોનો સંગ્રહ.

૪) ibiblio :- સંગીત અને સ્ટ્રીમિંગ રેડિયોને શૈક્ષણિક પેપરો માટે ઈ-બુકસ ઓફર કરે છે.

૫) Google Books :- 1,00,000થી વધારે બુકસ અને ડેટાબેઝ દ્વારા શોધી શકાય છે.

**Reference | https://www.jagranjosh.com/news/ndli-and-top-digital-libraries-of-world-146293**

## બિઝનેસ સ્કૂલની સામાજિક પ્રવુત્તિઓ :-

ગ્લોબસિન બિઝનેસ સ્કૂલની 'કેર ફોર સોસાયટી' પહેલને એ.આઈ.સી.ટી.ઈ દ્વારા રાષ્ટ્રીય સ્તરે સંસ્થાઓ દ્વારા માન્યતા આપવામાં આવી છે. કલ્યાણી યુથ લીડરશીપ ફોરમ (KYLF)ના અંતર્ગત બિઝનેસ સ્કૂલના વિધાર્થીઓએ કરેલી આ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ આ વર્ષે એ.આઈ.સી.ટી.ઈ.નું બેસ્ટ પ્રેક્ટિસ બુલેટિનમાં કરવામાં આવ્યો છે.

જી.બી.એસ.ના વિધાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ, કે.વાય.એલ.એફ.ની મદદથી યુવાનો દ્વારા નિસ્વાર્થ ભાવે સામાજિક કાર્ય કરવાની પ્રથા તેમના જીવનમાં આત્મસાત કરવામાં મદદ કરે છે, જયારે સંપૂર્ણ મેનેજરો બનવા માટે જરૂરી માનવ કુશળતાને આંતરિક બનાવે છે.

'કેર ફોર સોસાયટી' પ્રવૃત્તિઓમાં- વૃદ્ધોની સંભાળ, હેલ્થકેર કેમ્પનું શિક્ષણ, શિક્ષણ આપવું અને અન્ય દ્વારા વિધાર્થીઓ સમાજને કંઈક સારું આપે છે, આ ઉપરાંત પોતાને સારા મનુષ્ય અને મેનેજર બનાવે છે.

આ પ્રવૃત્તિઓ દ્વારા વિધાર્થીઓ ક્રેડિટ મેળવે છે, જે તેમના બિઝનેસ સ્કૂલની શૈક્ષણિક કામગીરીના અંતે સી.જી.પી.એ.માં જોવા મળે છે. કે.વાય.એલ.એફ. (KYLF) એ બિઝનેસ સ્કૂલની 'બિયોન્ડ એજ્યુકેશન'ની એક પહેલનો એક આંતરિક ભાગ છે.

**Source| https://www.thehansindia.com/hans/young-hans/b-schools-care-for-society-activities-get-aicte-nod-555550**

## ઇન્ડિયા સ્કિલ્સ ૨૦૨૦ની સ્પર્ધાની નોંધણી શરૂ થઈ ગઈ છે :-

ઇન્ડિયા સ્કિલ્સએ એવું પ્લેટફોર્મ છે જ્યાં કુશળ અને પ્રતિભાશાળી ભારતીય યુવાનો તેમની ક્ષમતાઓ રાજ્યકક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ બતાવી શકશે.

પ્રાદેશિક સ્પર્ધા ચાર ઝોનમાં કરવામાં આવશે અને રાષ્ટ્રીય સ્પર્ધા દિલ્હીમાં યોજાશે. આ સ્પર્ધાના વિજેતા વર્લ્ડ સ્કિલ્સ ઇન્ટરનેશનલ કમ્પિટિશન કે જે ચીનમાં ૨૦૨૧માં યોજાનાર છે તેમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.

આ સ્પર્ધામાં ૧૦ જાન્યુઆરી ૧૯૯૯ પછી જન્મ લેનાર યુવાનને તક મળશે. યુવાનોએ ૫૦ સ્કિલ્સ ટ્રેડસ જેવી કે મેકેટ્રોનિક્સ, મેન્યુફેક્ચરિંગ ટીમ ચેલેન્જ, એરોનોટિકલ એન્જિનયરીંગ, કલાઉડ કમ્પ્યુટીંગ, સાયબર સિક્યુરિટી, બ્યુટી થેરાપી, હેરડ્રેસિંગ, કારપેન્ટરી, વોટર ટેકનોલોજી અને આઈટી નેટવર્ક કેબલિંગ વગેરેમાંથી પસંદ કરીને સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

**Source: http://www.gjsci.org/world-skills.html&https://www.msde.gov.in/**

## ટીઆઈએસએસએ સ્કૂલ શિક્ષણ માટે ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું :-

ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સિસ, મુંબઈએ ઓનલાઈન પોર્ટલ "ધી કનેકટેડ લર્નિંગ ઈનીશીયેટીવ (CLIx) તૈયાર કર્યું.

માધ્યમિક શાળાના વિધાર્થીઓ માટે વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી વગેરે જેવા વિષયો માટે ૧૦૦ કલાકથી વધુ ડીજીટલ સંસાધનો અને ઈન્ટરેકટીવ મોડ્યુલો સાથે CLIx પોર્ટલ અને OER (ઓપન શૈક્ષણિક સંસાધનો લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ મોડ્યુલો હિન્દી, તેલુગુ અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરવામાં આવ્યા છે અને છતીસગઢ, મિઝોરમ, રાજસ્થાન અને તેલાગણાની ૪૭૮ સરકારી શાળાઓમાં અમલમાં મૂકાશે.

CLIx એ મેસાચ્યુસેટસ્ટ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના સહયોગથી ટીઆઇએસએસ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોજેક્ટ છે અને ટાટા ટ્રસ્ટ દ્વારા તેને નાંણા પૂરા પાડવામાં આવ્યા છે.

**Source | The Hindu | 10th December 2019**

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહલાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની,મુંબઈ